Ordnance Survey
Romsey Road
SOUTHAMPTON
United Kingdom
SO16 4GU

ગ્રાહક સંપર્ક કેન્દ્ર : 08456 05 05 05
ફેક્સ : (+44) 023 8079 2615
ટેક્સ્ટ ફોન : 023 8079 2906
(ફક્ત શ્રાવ્ય વિક્લાંગ ઉપયોગકર્તાઓ માટે)
વેબ : www.ordnancesurvey.co.uk

ઑગસ્ટ 2008

અમારો સંદર્ભ: FM7E

પ્રિય માતાપિતા/વાલી

**11- વર્ષના - બાળકો માટે મફત નકશા - 2008: તમારા બાળક માટે મફત ઓર્ડનન્સ સર્વે નકશા**

આજે તમારા બાળકને મફત 1:25000 સ્કેલનાં Explorer™ Ordnance Survey નો નકશો તેમની શાળા દ્વારા આપવામાં આવ્યો છે. આ નકશા વર્ષ 7/ ધોરણ 7ના વિદ્યાર્થીઓને તેમની નકશા-વાંચવાના કૌશલ્યમાં મદદરૂપ થાય તે માટે આપવામાં આવ્યાં છે. આ નકશા તમારા બાળકના છે અને તેમણે જ રાખવાના છે.

કેટલીકવાર શિક્ષકો વિદ્યાર્થીઓને નકશા શાળાએ લાવવાનું કહેશે. તે ભૂગોળનાં વર્ગમાં ઉપયોગમાં લેવામાં આવશે, જ્યાં નકશાનો કેવી રીતે ઉપયોગ કરવો તે રાષ્ટ્રીય અભ્યાસક્રમનો ભાગ છે, પરંતુ બીજા વિષયો માટે પણ તેમનો ઉપયોગ થઈ શકે છે. મોટાભાગની શાળાઓએ શાળા માટે સ્થાનિક હોય તેવો નકશા પરનો વિસ્તાર પસંદ કરી લીધો હશે જેની તેઓ વિદ્યાર્થીઓ સાથે વારંવાર મુલાકાત લેતા હશે. ઘણાં બાળકો એટલા ભાગ્યશાળી હશે કે તેઓ તેમની શાળા અને ઘર બંનેને નકશા પર જોઈ શકશે.

તમારા બાળકને નકશા જોવાનું શીખવાડવા માટે, તેમને સાથે પુસ્તિકા *નકશા વાંચન સરળ અને સુગમ (Map reading made easy peasy)* પણ આપવામાં આવ્યાં છે, જેને ખાસ બાળકો માટે લખવામાં આવી છે. આનંદ સાથે જણાવવાનું કે આ વર્ષે, એક સ્પર્ધા સમાવવામાં આવી છે જેના દ્વારા ટાઈમ ટીમ સાથે એક રોમાંચક દિવસ વિતાવવાનો મોકો મળશે. જો તમારા બાળકને સ્પર્ધામાં ભાગ લેવો હોય તો એન્ટ્રી ફોર્મમાં તમારે સહી કરવી જરૂરી છે.

તમારા નકશા પર તમારા સ્થળો દર્શાવવા માટે કહીને તમે તમારા બાળકને નકશા જોવાનું કૌશલ્ય વિકસાવવામાં મદદ કરી શકો છો, અને જ્યારે તેઓ બહાર હોય ત્યારે તેમને વાપરવા માટે પ્રોત્સાહન આપી શકો છો.

મફત નકશા સાથે આપનું બાળક શીખવાનો આનંદ માણે તે માટે પહેલેથી જ આભાર.

આ પત્રની આવૃતિઓ 10 ભાષામાં ફ્રી મેપ્સ (Free maps) વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે, કૃપા કરીને વધુ માહિતી માટે સાઈટનો વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ) વિભાગ જુઓ.

આપનો વિશ્વાસુ



**રોજર જીન્સ**
એજ્યુકેશનલ મેનેજર

Business in the Community AWARDS 2008

D06000K_FM7E